આ સરકારમાં તો ઘરે બેઠા વિવિધ સહાય યોજના લાભ મળી રહ્યા છે. તે પણ સરળતાથી

ગાંધીનગર,

ભાઈ, સમય બદલાયો છે, આ સરકારમાં તો ઘરે બેઠા વિવિધ સહાય યોજના લાભ મળી રહ્યા છે. તે પણ સરળતાથી, તેવું ગાંધીનગર તાલુકાના મુબારકપુરા ગામમાં રહેતા કનુજી કેશાજી ઠાકોરે જણાવ્યું હતું. ૫૦ વર્ષીય કનુજી કેશાજી ઠાકોરે જણાવ્યું હતું કે, ભાઈ, જિંદગીના મધ્યાતરે પહોંચ્યા છીએ. ઘરના ઘરનું સ્વપ્ન તો બહુ નાની ઉંમરથી જોયું હતું. પણ ખેત મજૂરી કરતા ગયા. પાઈ પાઈ બચાવતા હતા, પણ ઘર બનાવવાનો પનો પહોંચતો ન હતો. આ વર્ષે બનાવું... આવતા વર્ષે બનાવીશું તેવું મનોમન નક્કી કરતા હતા. તેવા જ સમયે મને રાજય સરકારની પ્રધાનમંત્રી (ગ્રામણી) આવાસ યોજનાની માહિતી અમારા ગામના સરપંચશ્રીએ આપી. માહિતી સાથે સાથે અમારા સરપંચશ્રીએ ફોર્મ ભરવામાં પણ મદદ કરી. અમને વર્ષ-૨૦૨૦- ૨૦૨૧ માં ઘર બનાવવા માટે તબક્કાનુસાર રૂપિયા ૧ લાખ ૨૦ હજાર મળ્યા. મારું વર્ષો જુનું ઘરના ઘરનું સ્વપ્નની ઈમારતની એક એક ઈંટ મારી નજરે સામે મુકાઈ અને આજે મારા ઘરમાં નિરાંતે રહું છું. ભાઈ, તમને શું વાત કરું, ઘર બનાવવા તો સરકારે મદદ કરી જ. થોડાક સમયમાં તો લાકડા બાળીને રસોઈ બનાવવામાંથી મારી પત્નીને છુટકારો મળ્યો છે. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અંતર્ગત અમને વિના મૂલ્યે

ગેસ કનેકશન મળ્યું. બસ, ગેસ આવતા જ મારા પરિવારને લાકડા શોધવા જવું પડતું હતું, તે બંધ થયું. તેની સાથે સાથે ઘરમાં મારી પત્ની અને બાળકોને ધુમાડામાંથી છુટકારો મળ્યો. ચોમાસામાં ચુલા પર રાંધવાનું કઠિન કહી શકાય તેવા કામથી મારી પત્નીને મુક્તિ પણ મળી છે. સાચા અર્થમાં સમય બદલાયો તેવું લાગતું હતું, ત્યાં જનજનના આરોગ્યની ચિંતા કરતી સરકારે મારા પરિવારના આરોગ્યની ચિંતા કરી છે. મને અને મારા પરિવારનું આરોગ્ય સુરક્ષા કવચ રૂપ આયુષ્યમાન ભારત કાર્ડ આપ્યું છે. આ કાર્ડ થકી હું અને મારો પરિવારના કોઈ સભ્યને ગંભીર બિમારી આવે તો ભાઈ અમને સારી હોસ્પિટલમાં સારવાર મળી રહેશે. તે પણ વિના મુલ્યે તેવી મને ખબર છે.

કનુજીના ભાઈ નજીકમાં જ રહે છે, તેમણે પણ કનુજીની વાતમાં સુર પુરાવતા કહ્યું કે, ભાઈ, આ સરકાર અમારા જેવા મજૂરી કરતા પરિવારની ચિંતા કરે છે. કનુ કહે તેમ અમારો સમય તો આ સરકારે જ બદલ્યો છે. આ અમારા બે ભાઈઓની વાત નથી. અમારા ગામમાં આશરે ૩૫ જેટલા આ યોજના થકી ઘરો બન્યા છે.

મનપા દ્વારા સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલને અપનાવવા અનોખો જાગૃતિ લાવવાનો કાર્યક્રમ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર મહાનગર પાલિકા અને બાયો ફિક્સ પ્રાઈવેટ લિમિટેડના ઉપક્રમે આજરોજ સેક્ટર ૨૨ રંગમંચ ખાતે ફીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલ નું આયોજન કરવામાં આવ્યું હતું.

ફીટસ ઓન સ્ટ્રીટ ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલ અંગે જનજાગૃતિ માટેની અત્યાર સુધીની સૌથી મોટી ઈવેન્ટ બની છે. જેમાં ૫૦૦૦ થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સ્ટાર્ટઅપ્સ અને સોશિયલ એન્ટરપ્રાઈઝીસને આ ઈવેન્ટ દ્વારા પોતાના ઉત્પાદનો અને સેવાઓ લોકો સુધી પહોંચાડવા માટે મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં બાયો ફિક્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વેસ્ટ કમ્પોસ્ટિંગ મશીન, મીની બાયોગેસ મશીન, બાયો ફર્ટિલાઈઝર અને બાયો એન્જાઈન નું નિદર્શન કરવામાં આવ્યું.

રીકો સોલ્યુશન દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ માંથી બનાવેલ વિવિધ ઉપયોગી ઉત્પાદનો જેવા કે કુંડા,ઘડિયાળ,બેંચ વગેરે દર્શાવવામાં આવ્યા.બાયો પોટ સંસ્થા દ્વારા ગાયના છાણ તથા સુકાયેલા ઘાસમાંથી એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી કુંડાઓ તૈયાર કરવામાં આવેલ હતા જે પણ દર્શાવવામાં આવ્યા.ગ્રીન ટેન્સ સંસ્થા દ્વારા વાંસમાંથી બનાવેલ ટુથ બ્રશ, ઈયર બર્ડ, કોમ્બ વગેરે ઉત્પાદનો દ્વારા પ્લાસ્ટિકનો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો.હતો.

આ ઈવેન્ટમાં નુક્કડ નાટક અને રમતગમતના માધ્યમથી કચરાના સેગ્રીગેશન તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક ના વપરાશને ટાળવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા."ઉપરાંત ફાઉન્ડેશન"દ્વારા પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ઘટાડવાના હેતુથી જુના વાડજ ની રેગ પિકર્સ બહેનોના સહયોગથી કપડાની થેલીઓ બનાવી આ મહિલાઓને આજીવિકા પૂરી પાડી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે.

સેનેટરી પેડ્સ દ્વારા પર્યાવરણને થતા નુકસાનને અટકાવવા માટે "યુનિપેડ્સ" દ્વારા સ્થાનિક મહિલાઓના સહયોગથી ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા કપડાના સેનેટરી પેડ્સ બનાવવામાં આવ્યા હતા. જેનું આ ઈવેન્ટમાં પ્રદર્શન કરવામાં આવ્યું.આ ઈવેન્ટ નો ઉદ્દેશ્ય ઝીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલ ના માધ્યમથી સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલ ને અપનાવવા માટે જાગૃતિ લાવવાનો હતો. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આ સમગ્ર ઈવેન્ટનું આયોજન સ્વચ્છ ભારત મિશનની ઝીરો વેસ્ટ ઈવેન્ટ માર્ગદર્શિકા મુજબ કરવામાં આવ્યું હતું. આમ આ સમગ્ર ઈવેન્ટમાં ઉત્પન્ન થયેલા સૂકા કચરાને રિસાયકલ કરવામાં આવશે તેમજ ભીના કચરામાંથી ખાતર બનાવવામાં આવશે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી જસવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડોક્ટર ધવલ પટેલ ,ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી કેયૂર જેઠવા તેમજ સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં કેટલીક રેસ્ટોરન્ટમાં ઓફલાઈન અને ઓનલાઈન ફૂડના ભાવોમાં અંતર

રેસ્ટોરન્ટમાં જે ફૂડના ભાવ હોય છે તેના ભાવ સ્વીગી-ઝોમેટોમાં વધારે જોવા મળી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૭

આજકાલ નાગરિકો ઓનલાઈન ફૂડ ઓર્ડર કરતા હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી એક નવી ચર્ચા શરૂ થઈ છે. રેસ્ટોરન્ટમાંથી ઓફલાઈન ફૂડના ભાવ અને ઓનલાઈન એપ્લીકેશન પરથી કરવામાં આવતા ઓર્ડરના ભાવમાં ખૂબ અંતર જોવા મળે છે. આપણે આજકાલ જમવા માટે ઓનલાઈન ફૂડનો ઓર્ડર કરવા માટે ફૂડ ડિલીવરી એપ્લીકેશનનો ઉપયોગ કરતા હોઈએ છીએ. તે વિચારીને કે એપ્લીકેશન પર ભોજન સસ્તુ મળી રહે છે, પરંતુ રેસ્ટોરન્ટની અસલી કિંમતો અને સ્વીગી-ઝોમેટોની કિંમતોમાં અંતર જોવા મળે છે.

જેની નાગરિકોએ ચકાસણી અવશ્ય કરવી જોઈએ. ગાંધીનગરમાં પણ કેટલીક હોટલોમાં ગ્રાહકો પાસેથી વધારે ચાર્જ લેવામાં આવી રહ્યો છે. રેસ્ટોરન્ટમાં ખાવાની કિંમત અને ઓનલાઈન એપ્લીકેશનની કિંમતોમાં ૧૫ થી ૨૦ રૂપિયાનું અંતર જોવા મળી રહ્યુ છે. શહેરીજનો ઓનલાઈન ખાવાનું વધારે મંગાવી રહ્યા છે. જેમાં ઓનલાઈનજે ભાવ લખ્યો હોય તેનું પેમેન્ટ કરી દે છે,

પરંતુ રેસ્ટોરન્ટ દ્વારા વધારાનો ચાર્જ લેવામાં આવી રહ્યો છે.

ગાંધીનગરમાં મહાનગરપાલિકાએ ઠેર ઠેર જાહેર શૌચાલયો બનાવ્યા છે પરંતુ તેનુ મેઈન્ટેન્સ સમયસર ન થતાં આ શૌચાલયો બીન ઉપયોગી બની રહ્યા છે. સેક્ટર-૬ના જાહેર શૌચાલયમાં મહિલાઓ માટેના બાથરૂમની ટાઈલ્સ બેસી ગઈ છે. વોશ બેસીનમાં અને ટોયલેટમાં પાણી આવતુ નથી જેથી અહીં ગંદકી ફેલાઈ છે.

વરસાદને "આઇ લવ યુ" કહી પોકારતી પાટનગરની ધરા..!!!

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર હરિયાળું શહેર છે અને કહેવાય છે કે જ્યાં હરિયાળી હોય ત્યાં વરસાદ આવે પરંતુ આ વખતે તો વરસાદે આખા રાજયને ધમરોળ્યું છે છતાં ખબર નહીં કેમ પાટનગરથી જ રીસામણાં કરીને બેઠો છે અને માંડ ચાર-પાંચ ઝાપટાંથી વધુ વરસ્યો નથી અને આટલાં વરસાદમાં પણ શહેરના રસ્તાઓ પર ખાડા સર્જાયા છે. જોકે રસ્તા પરના આ ખાડા નિહાળીને ફરિયાદ કરનારાઓને સ્હેજ પણ ખબર નથી કે ગાંધીનગરની ધરા વરસાદને એટલી ઝંખી રહી છે કે તે આજની યુવા પેઢીની જેમ જરાક વરસાદમાં પણ પોતાના પર ખાડાં સર્જીને "હાર્ટ" બનાવી જાણે વરસાદને "આઈ લવ યુ" કહીને પોકારી રહી છે અને જાણે કહી રહી છે કે ભલે આનાથી પણ વધુ મોટા ખાડા પડે કે ભૂવા પડે પણ તુ મન મુકીને વરસ મારાં વ્હાલાં..!!

ગાંધીનગરના યુવાનોએ બનાવ્યું પ્લાસ્ટિક વેસ્ટમાંથી બેસ્ટ..!!

"ફીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલ"માં રીકો સોલ્યુશન દ્વારા પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવેલા ઉત્પાદનો જેવા કે બાળકીઓ માટેની જ્વેલરી, કુંડા, ઘડિયાળ, બેંચ વગેરેનું નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૭

આજે ગાંધીનગર મહાનગરપાલિકા અને બાયો ફિક્સના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૨ રંગમંચ ખાતે "ફીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલ"નું આયોજન કરવામાં આવ્યું હતું. "ફીટસ ઓન સ્ટ્રીટ" ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલ અંગે જનજાગૃતિ માટેની પ્રભાવશાળી ઈવેન્ટ હતી જેમાં ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવેલી વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલે આકર્ષણ જમાવ્યું હતું. ગાંધીનગરની એલડીઆરપી કોલેજમાંથી અભ્યાસ કરનાર બે મિત્રો પ્રણવ દેસાઈ અને દીપ ભુવા દ્વારા "રીકો સોલ્યુશન" નામનું સ્ટાર્ટઅપ ૨૦૧૯માં શરૂ કરવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ સમાજમાં દરેક સ્તરે વપરાતા પ્લાસ્ટિકમાંથી પેદા થતાં વેસ્ટને રિસાયકલ કરીને તે પ્લાસ્ટિકને ફરી ઉપયોગમાં લેવું જેથી જમીનમાં તે ના જાય અને ધરતીને નુકસાન ના પંહોચાડે. જીપીસીબીના નિવૃત અધિકારીના પુત્ર સે.૨૨માં રહેતા પ્રણવ દેસાઈ અને ખેડૂત પિતાના પુત્ર કુડાસણ રહેતાં દીપ ભુવા જેઓ બંને હજુ માત્ર ૨૩ વર્ષની વયના છે અને તેમણે કોલેજ કાળમાં ભારત સરકારના માનવ સંશાધન વિભાગના સ્વચ્છતા અભિયાનમાં ૧૦૦ કલાકની સેવામાં જોડાયાં હતાં જે દરમ્યાન અંબાપુરની વાવ તથા તળાવની સફાઈ દરમ્યાન નિકળેલાં પ્લાસ્ટિક વેસ્ટના ખડકલાને નિહાળીને તેમને આ પ્રોજેક્ટનો વિચાર સ્ફુર્યો હતો. શરૂઆતમાં ઘરે ઘરે અને રેસ્ટોરન્ટ-ઓફિસો વગેરેમાં ફરી ફરી પ્લાસ્ટિક વેસ્ટ એકઠો કરતા અને આજે મોટી ફેક્ટરીઓમાંથી પ્લાસ્ટિક વેસ્ટ ખરીદીને તેઓ સે.૨૬ની જીઆઈડીસી ખાતે વિવિધ ચીજ વસ્તુઓ બનાવે છે જેમાં છોડ વાવવાના કુંડા, ઘડિયાળ, ગાર્ડન બેંચ, ગાર્ડન સ્ટુલ્સ, નાના પૉટ, રાઈટીંગ પેડ અને બાળાઓ માટે જ્વેલરી વગેરે બનાવે છે.

રસોડાના એંઠવાડમાંથી જ બાયોગેસ બનાવી તેનાથી એક ટંકનું ભોજન રાંધો..!!

"ફીટ્સ ઓન સ્ટ્રીટ - અ ગ્રીન કાર્નિવલ"ના મુખ્ય આયોજક બાયોફિક્સના સ્ટોલ પરના મશીનથી મહાનુભાવો પ્રભાવિત : બાયોગેસ બનાવવા સાથે ઓર્ગેનિક ખાતર પણ મળે છે

ગાંધીનગર, તા.૧૭

શું તમે જાણો છો કે તમે તમારાં રસોડાંના વધેલાં શાકભાજી-ફળફળાદિના છોતરાં-ડીંટા કે ભોજનનો એંઠવાડ વગેરેનો સરળતાથી ઉપયોગ કરીને ઘરે જ તમે ઘરે જ રાંધણ કાર્ય માટે બાયોગેસ બનાવી શકો છો અને તે ગેસ વડે તમે ઘરનું એક સમયનું ભોજન પણ રાંધી શકો છો. એટલું જ નહીં પરંતુ તમે ગેસ બનાવ્યાં પછી વધેલાં "લિકવિડ વેસ્ટ"ને સીધેસીધો તમારાં કિચન ગાર્ડનમાં ઓર્ગેનિક ખાતર તરીકે ઉપયોગ કરીને તમે ઘરે જ ઓર્ગેનિક શાકભાજી પણ ઉગાડી શકો છો, મતલબ ગેસની બચત અને શાકભાજીના ખર્ચની પણ બચત ઉપરથી ઘરના રસોડાના કચરાનો યોગ્ય નિકાલ પણ નફામાં..!! આજે સવારે સેક્ટર-રંગમંચ ખાતે યોજાયેલ "ફીટ્સ ઓન સ્ટ્રીટ - અ ગ્રીન કાર્નિવલ"ના મુખ્ય આયોજક બાયોફિક્સના સ્ટોલ પર આ માટેના મશીન નિહાળીને ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તેમજ મ્યુનિસિપલ કમિશનર ખુદ પ્રભાવિત થયાં હતાં અને આ પ્રકારના

મોટા મશીન શહેરની દરેક રેસ્ટોરન્ટ કે હોટેલમાં લગાડવાં જોઈએ તેવી ચર્ચા કરતાં તેમણે આ અંગે રસ પણ દાખવ્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરને ઝીરો વેસ્ટ તરફ લઈ જવાના પ્રયાસરૂપે વેસ્ટ મેનેજમેન્ટ થકી વિવિધ ઉત્પાદનો બનાવતાં સ્ટાર્ટઅપ્સ અને સોશિયલ એન્ટરપ્રાઈઝીસને આજે "ફીટ્સ ઓન સ્ટ્રીટ - અ ગ્રીન કાર્નિવલ" દ્વારા પોતાના ઉત્પાદનો અને સેવાઓ લોકો સુધી પહોંચાડવા માટે મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઈવેન્ટના મુખ્ય આયોજક બાયોફિક્સના સ્ટોલ પર વિવિધ વેસ્ટ કમ્પોસ્ટિંગ મશીન, મીની બાયોગેસ મશીન, બાયો ફર્ટિલાઈઝર અને બાયો એન્જાઈનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સ્ટોલ પર સ્ટાર્ટઅપના યુવા સીઈઓ સુનિલ મહાપાત્રાએ મહેમાનોને તેમની બાયોગેસ સિસ્ટમના ઉતપાદનો અંગે માહિતી આપી હતી. આ ઉત્પાદનો પૈકી ઘરેલું વપરાશ માટેનું મશીન જે આશરે રૂ.૩૫હજારની કિંમતનું છે તેનું નિદર્શન કર્યું હતું જેના ઉપયોગથી નાગરિકો પોતાના ઘરના રસોડાના કચરાનો ઉપયોગ કરીને બાયોગેસ પેદા કરી શકે અને રાંધણ ગેસની બચત કરી શકે છે, તે ઉપરાંત ઘરના ગાર્ડન માટે ઓર્ગેનિક ખાતર પણ મેળવી શકે છે. મનપાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ મ્યુ.કમિશનર ડો. ધવલ પટેલને તેમાં ખૂબ રસ પડ્યો હતો અને ગાંધીનગરમાં આ પ્રકારના મશીનોનો ઉપયોગ થાય તે અંગે પગલાં ભરવા અંગે ચર્ચા પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બાયોફિક્સ એ અમદાવાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું સ્ટાર્ટ અપ છે જે અત્યારે દેશભરમાં ૧૧ શહેરોમાં અને અસંખ્ય કંપનીઓમાં તેમના આ મશીનો ભાડે આપીને મોટી ફેક્ટ્રિનો કે રેસ્ટોરન્ટ્સના કચરાને રીસાયકલ કરવામાં યોગદાન આપી રહ્યાં છે.

શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો અભાવ

અવારનવાર બત્તી ગુલ થવાની સમસ્યા યથાવત : સ્ટ્રીટલાઈટોની સુવિધાનો અભાવ : નાગરિકો હજી પણ અંધારપટમાં

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં દરેક માર્ગો પર સિગ્નલોની વ્યવસ્થા કરવામાં આવી છે, સ્ટ્રીટલાઈટોની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે ગાંધીનગરમાં સમાવિષ્ટ નવા વિસ્તારો હજી પણ આ સુવિધાથી વંચિત રહેલા જોવા મળે છે. ટ્રાફિક સમસ્યાઓ આ નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પણ ઉભી થઈ રહી છે ત્યારે ટ્રાફિક સિગ્નલો માત્ર ગાંધીનગર શહેર પૂરતા જ રહી ગયા છે. નવા સમાવિષ્ટ વિસ્તારમાં પણ નાગરિકોને ટ્રાફિક સમસ્યાઓ નડી રહી છે. અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. દરરોજ અખબારમાં ગંભીર અકસ્માતોની ખબર આવતી જોવા મળે છે. ત્યારે નાગરિકોના હિત માટે ટ્રાફિક સિગ્નલોની વ્યવસ્થા દરેક ટ્રાફિકવાળા વિસ્તારોમાં કરવી જોઈએ. ગાંધીનગરમાં દરેક સેક્ટરોમાં ટ્રાફિક સિગ્નલોની વ્યવસ્થા છે. જ્યારે નવા સમાવિષ્ટ વિસ્તારો હજુ પણ આ સુવિધાથી વંચિત છે. અમુક વિસ્તારોમાં હજી પણ ટોરેન્ટ પાવર લાઈટ આપવામાં આવે છે. જ્યાં વરસાદમાં કે વાવાઝોડામાં બત્તી ગુલ થઈ જાય છે. ત્યારે આ નવા સમાવિષ્ટ વિસ્તારોને ક્યાં સુધી સુવિધાઓથી દૂર રાખવામાં આવશે. મોટા ભાગના આ વિસ્તારોમાં લાઈટો જતી રહે છે. લોકોને હજી પણ પાયાની સુવિધાઓ મળી નથી. મોટા મોટા વાયદાઓ કરેલા હોવા છતાં નાગરિકોને સુવિધા મળી રહી નથી અને લાઈટ બીલોમાં પણ છબરડાઓ થતા હોય છે. અનેકવાર લાઈટોના ધાંધીયા હોવા છતાં બીલો વધારે આવે છે. આ ઉપરાંત નાગરિકોને સ્ટ્રીટલાઈટોની સુવિધા મળી રહી નથી. અંધારપટમાંથી નાગરિકો અવરજવર કરી રહ્યા છે. વરસાદી માહોલમાં ઈમરજન્સીમાં લાઈટો જતી રહે છે. માર્ગો પર લાઈટો ન હોવાથી અકસ્માતો સર્જાય છે. ઠેર ઠેર ખાડાઓ અને ભૂવાઓ પડવાથી જ્યાં સ્ટ્રીટલાઈટોનો અભાવ છે ત્યાં હાલાકી થઈ રહી છે. તેથી નવા સમાવિષ્ટ વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો અને ટ્રાફિક સિગ્નલોની આવશ્યકતા રહેલી છે અને લોકમાંગણી પણ થઈ રહી છે. જો કે શહેરમાં જ્યાં સ્ટ્રીટલાઈટો છે ત્યાં પણ અંધારૂ છવાયેલું જોવા મળી રહ્યું છે અને જ્યાં દિવસે લાઈટોની જરૂર નથી તેવામાં શહેરની સ્ટ્રીટલાઈટો ચાલુ જોવા મળતી હોય છે.